## પ્રકરણ-૭
## શરમમાં મૂકી દે તેવા વર્તનઃ બચકા ભરવાં અને અપશબ્દો બોલવા

ઘણીવાર સુસંસ્કૃત સંસ્કારી ઘરનાં બાળકો એવું વર્તન કરી મૂકે છે કે વાલીઓને શર્મ આવે કે આવુ વર્તન તો ઘરમાં કોઇ કાળે કોઇ પણ શીખવે નહીં તો પણ આમ કેમ? આવા વર્તનનું એક સૌથી સામાન્ય ઉદાહરણ છે તે અપશબ્દો ગાળો બોલવી, અભદ્ર વર્તન કરવું. ગમે તેમ બોલવું. આ પ્રકારનું વર્તન બાળક બોલતાં અને અન્ય બાળકો સાથે ભણતા શીખે ત્યારે જોવા મળતું હોય છે. એટલે કે ત્રણથી ચાર વર્ષની ઉંમર પછીથી. આવું અન્ય એક વર્તન છે તે બીજાઓને કરડવું.

ઘરનાં સભ્યો સાથે કે બહારથી આવેલા મહેમાન કે તેમનાં બાળકો કે પછી રમવા આવેલાં મિત્રો સાથે બાળક એકદમ જાનવર જેવું વર્તન કરી કરડવા બચકા ભરવા માંડે ત્યારે વાલીઓ સહેજેય બાળક પર ગુસ્સે થઇ જાય. તેને રોકવા માંડે પણ તેમ કરતા ઘણી વાર બાળક પર હાથ ઉગામી  મારી દે છે. બળજબરીથી બહારનાઓની સામે તો બાળકને બચકાં ભરતા રોકી તો દેવાય પણ સામાન્ય રીતે એવું જોવા મળે છે કે બાળકને આવું વર્તન કરતા રોકવું ઘરમાં અઘરું પડે છે. તો હવે આ કરડવાના વર્તનની વધારે સમજણ મેળવીએ.

એકાદ વર્ષની આસપાસના બાળકને ઘણી વાર કુદરતી જ (જાતે સમજ્યા વગર) કરડવાની ઇચ્છા થઇ આવે છે. વાલીઓ સાથે રમતા રમતા બાળક તેના નાક, કાન, ગાલ વગેરે પર બચકાં ભરે છે. પછીથી દોઢેક વર્ષે તે આવું જાતે જ ભૂલી જાય. પરંતુ જો બાળકના આવા વર્તનને ઘરનાઓ પ્રોત્સાહન આપે એટલે કે આના પર હસે, મજાક કરે ત્યારે બાળક બટકા ભરવા વધુ પ્રેરાય છે. તેમાં ક્યારેક વધુ જોરથી બચકું ભરાઇને સામેવાળાને દર્દ આપે ત્યારે બાળક શીખે છે કે લોકોને હેરાન કરવાનું આ એક હાથવગુ સાધન પણ છે. પછી પોતાનો ગુસ્સો કાઢવાના સાધન તરીકે પણ બાળક બીજાઓને બચકાં ભર્યાં કરે છે. બીજા બાળકને કે મોટાઓને બચકાં ભરતા બાળકથી ભાગતા ગભરાતા જોવા મળે ત્યારે બાળક એવું શીખે છે કે આવા વર્તનથી તે બીજાઓ પર કોઇક પ્રકારનું પ્રભુત્વ મેળવી રહ્યું છે અને બીજાઓ પર કોઇ પણ પ્રકારે પ્રભુત્વ જમાવવાની ઇચ્છા દરેક મનુષ્યમાં જન્મજાત હોય છે જ!! માત્ર તે



સહેલો રસ્તો શોધતો હોય છે!

**બે-ત્રણ વર્ષથી મોટું બાળક અન્યોને કરડતું રહે ત્યારે વિચારવાનો સમય છે કે :**

- ⊙ બાળકને મજા કરવા માટે અન્ય રસ્તાઓ મળે છે કે નહીં? છૂટથી રમવા મળે છે કે નહીં? તે મનમાં અન્ય કોઇ બાબતે દુઃખી છે?
- ⊙ ઘરમાં વધારે પડતું કડક શિસ્ત છે? તેને નાની નાની વાતે વધુ પડતું રોકવામાં આવે છે?
- ⊙ બાળકને કોઇ ઇર્ષાભાવ પજવે છે? તેને બીજા બાળક ભાઇબહેન સાથે ભણવામાં ક્યાં તકલીફ પડે છે તેની છણાવટ કરવી. આવા સંજોગોમાં તેને ઠપકારવાથી બાજી વધુ બગડશે. ઇર્ષા ભાવ ધરાવતા બાળક સાથે કેવી રીતે વર્તવું તેની ચર્ચા આ પુસ્તકમાં કરી છે. અન્ય બાળકો સાથે છૂટથી હળવા મળવાના સંજોગો મળે છે ખરા? જો બાળકને આવા સંજોગો ના મળે તે પોતે બીજાં બાળકોથી ગભરાય અને ડિફેન્સીવ થઇ કરડવા માંડે છે!

સામાન્ય રીતે મોટાભાગનાં બાળકો કરડવાનું વર્તન ક્યારેક તો કરે જ તેમાંથી ત્રણેક વર્ષની ઉંમરે બહાર આવી જાય છે. આ પછી પણ આવું ચાલું રહે તો બાળ મનોચિકિત્સકને કે બાળરોગ નિષ્ણાતને બતાવવું જરૂરી છે.

**આવા બાળક સાથે કેવી રીતે વર્તવું તેના મુદ્દાઓઃ**

- ⊙ બાળકને અન્ય બાળકો સાથે ખુલ્લી હવામાં રમવા દેવું.

- બાળક સમજણું હોય તો તેની સાથે વાતચીત કરી સમજાવવું (જ્યારે ગુસ્સામાં કે હતાશામાં ના હોય ત્યારે) કે તેના આવા વર્તનથી કોઇ રાજી નથી અને તેને આવી ઇચ્છા થાય ત્યારે શું કરવું જોઇએ. કરડવાને બદલે બાળક સારું વર્તન દાખવે ત્યારે તેને પોઝીટીવ પ્રોત્સાહન આપવું. કરડે ત્યારે નેગેટીવ વર્તન કરી ખીજવાવું મારવું કે મજાક કરવી નહી.
- કોઇ પણ કરડવાની ઘટનાને અનુમોદન આપવું નહી. ચોખ્ખા શબ્દોમાં તમારો અણગમો જાહેર કરવો. આમ કરતી વખતે બાળક ભાગી જાય તો તેને પકડી રાખવું પણ લાંબું લેક્ચર ઝાડવું નહી. તેને પકડીને બે ચાર મિનિટ બેસવું પ્રેમ આપતા ભેટવું (કે તમે તેનો પ્રેમ ઓછો નથી કરતા પણ સાથોસાથ તેને બચકા ભરતા વર્તનને પણ માન્ય નથી રાખતા)
- બચકાં ભરતા તેને અટકાવવું તેને આ કામમાં સફળ થવા દેવું નહી. જ્યાં સુધી તેનો ગુસ્સો ઠંડો ના થાય ત્યાં સુધી તેને માત્ર પકડી રાખવું.

આવી રીતે જ બાળક અપશબ્દો, ગાળો બોલે, અભદ્ર બીભત્સ વર્તન કરે ત્યારે તેની સાથેના વર્તનમાં સંયમ દાખવવો જરૂરી છે. ઘરમાં બાળકને પૂરતો પ્રેમ અને સલામતી મળી રહે ત્યારે આવા વર્તનો બાળક ટેમ્પરરી કામચલાઉ કરીને ભૂલી જતાં હોય છે. માત્ર એટલું જ ખાસ ધ્યાન રાખવું કે તેના કામચલાઉ વર્તનને કાયમી બનાવવાની ભૂલ ના કરવી. (તેને વધુ પડતું ખીજાઇ મારી મજાક કરીને)

ત્રણ ચાર વર્ષની ઉંમરથી બાળક અપશબ્દો બોલે કે અજાણતાએ બીભત્સ વહેવાર કરે છે. ટોઇલેટ કે બાથરૂમમાં સામાન્ય રીતે તેની શરૂઆત થતી હોય છે. જેમાં તે વાલીઓની મજાક કરતા શીખે છે. બાળકને કંઇ એ પ્રકારનું વર્તન કે બોલી શીખવાડી ના હોય તો પણ જાતે તે બોલતાં શીખે છે અને મા-બાપ તેનાથી ક્યારેક એકદમ ડઘાઇ પણ જાય કે આવું તો કોણે શીખવ્યું ? વાલીઓને ડઘાયેલા કે પરેશાન જોઇ બાળકને મજા પડે કે આવી બોલી કે વર્તનથી તેમને સહેલાઇથી પરેશાન કરી શકાય છે. એટલે આ ઉંમરે જાણે તે કંઇ બોલ્યું જ નથી તેવીરીતે તેને માત્ર ધ્યાન જ ના દેવું. તેથી બાળકને વધુ બોલવાની કોઇ પ્રેરણા જ ના મળે!!

પછીથી સ્કૂલે જતાં બાળકો અપશબ્દો ઘરની બહારથી શીખી આવે ત્યારે તેના શાબ્દિક કે અન્ય અર્થની સમજણ ના હોય પણ માત્ર બીજાઓ આવું બોલે એટલે તેને પણ બોલવાની મજા પડતી હોય છે. ત્યારે ફરી પાછું તેના વર્તનથી ડઘાઇને ઠપકારવા, મારવાને બદલે માત્ર મક્કમ શબ્દોથી (ખીજાયા વગર) તેને જણાવવું કે તેનું વર્તન તમને માન્ય નથી અને ઘરના સહુને ગમતું નથી. તે અંગે બાળક તમારી સાથે લાંબી ચર્ચામાં ઊતરવા માંગે તો ચર્ચા કરવી નહીં પણ ટૂંકાણમાં સમજાવી દેવું કે તેમ કરવું યોગ્ય નથી.

ત્યારબાદ વધુ મોટું થતાં બાળક વધુ સમજણું થાય અને અપશબ્દો, અભદ્ર વર્તન થકી તેનો અણગમો, ગુસ્સો, હતાશા વ્યક્ત કરતા શીખે છે. આવા વર્તનથી બળવો કરતા શીખે છે. આવું વર્તન શીખવાનું એક પ્રબળ કારણ એવું પણ છે કે તેને પોતાના સાથી મિત્રોની માન્યતા મળે છે!! અથવા તેના દ્વારા તેમના પર પ્રભુત્વ મેળવી શકે છે! આવા વખતે ફરી વાલીઓને સંયમ અને મક્કમતાથી તેના વર્તનને માન્ય ના રાખતા પોતાનો અણગમો ખીજાયા, માર્યા વગર જાહેર કરવો. આવું વર્તન સારું નથી તેવું સમજાવવાના પ્રયાસો ઘણીવાર નિરર્થક નિવડે છે. એટલે લાંબી ચર્ચાઓને અવકાશ નથી રહેતો!

**બાળક બોલતાં અને અન્ય બાળકો સાથે ભળતાં થાય ત્યારે અપશબ્દો બોલવા, અભદ્ર વર્તન કરવા લાગે છે. ત્યારે વાલીઓએ તેની સાથેના વર્તનમાં સંયમ રાખવો જરૂરી છે અને મક્કમતાથી તેના વર્તનને માન્ય ન રાખતાં પોતાનો અણગમો દર્શાવવો જોઇએ**